| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૦૯/૦૪/૨૦૨૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૩૨૯ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ ટેન્કર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાની રૂદ્રાક્ષ માળા ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૬/૨૦૨૫**

**નરોડાઃ** રોનીત સ/ઓ દિલીપભાઇ પટેલ (ઉ.વ.૩૨) (રહે. વ્રજ વિહાર સોસાયટી કઠવાડા રોડ નરોડા) તા.૦૭/૦૩/૨૦૨૫ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે નરોડા વિશ્વકર્મા ચોક દ્વારકેશ સોસાયટી અમુલ પાર્લર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ રોનીત પટેલના ગળામાંથી સોનાની રૂદ્રાક્ષની માળા કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રોનીત પટેલ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.જોગડા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૮૭/૨૦૨૫**

**બોડકદેવઃ** અસલાજી હિમતાજી મારવાડી (ઉ.વ.૫૨) (રહે. રાજીવ આવાસ યોજના જાનકી ઔડાની સામે સિંધુભવન રોડ બોડકદેવ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૫ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિરભદ્રસિંહ વનરાજસિંહ ચલાવે છે.

**વેજલપુરઃ** દિપકભાઇ સ/ઓ બાબુભાઇ રાજપુત (ઉ.વ.૪૬) (રહે. ગોકુલધામ એપાર્ટમેન્ટ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૫ કલાક ૯/૦૦ થી તા.૦૮/૦૪/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતમાં હિચકાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી